ગરમીની સીધી અસર - ગાંધીનગર સહિત રાજ્યભરમાં છેલ્લા ચાર દિવસથી હીટવેવના પગલે પશુ-પંખીઓ તો ઠીક માર્ગો પર પણ અસર વર્તાય છે... ડામરથી બનાવાયેલા માર્ગો પર ગરમીથી ડામર ઓગળીને ગાબડા પડવાનું શરૂ થયું છે... ગરમીની તીવ્રતા ભલે નજીવી ઘટતી હોય પરંતુ અસર તો હજુ યથાવત છે... સતત ચોથા દિવસે પણ મહત્તમ તાપમાન ૪૨.૨ ડિગ્રી રહ્યું હતું...

ગ્રાન્ટના અભાવે પ્રાથમિક શાળાના શિક્ષકોનો પગાર અટવાયો!!

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર જિલ્લાની પ્રા. શાળાના શિક્ષકોને અડધો એપ્રિલ માસ જતો રહ્યો તોય હજુ માર્ચ માસનો પગાર ચુકવવામાં આવ્યો નથી.

ગ્રાન્ટના અભાવે આ પગાર ચુકવણી થઈ નથી. પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી દ્વારા ગત સપ્તાહના અંતિમ દિવસોમાં ગ્રાન્ટ બે માસ માટે છુટી કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

ગ્રામ્ય વિસ્તારમાં ફરજો બજાવતા શિક્ષકોના ઘરનું બજેટ પગારના અભાવે ખોરવાઈ જવા પામ્યુ છે. સામાન્યતઃ બધા જ સરકારી કર્મચારીઓને ૧ થી ૩ તારીખમાં પગાર ચુકવવામાં આવે છે. જિલ્લામાં ૫ થી ૧૦ દરમિયાન આ પગાર ચુકવવામાં આવે છે. માર્ચ મહિનો હિસાબી વર્ષનો આખરી માસ હોવાને કારણે ગ્રાન્ટ સમયસર ઉપલબ્ધ નહિ થતાં એપ્રિલની ૧૮ તારીખ સુધી પગારના થતાં શિક્ષણ પ્રેમીઓમાં પણ રોષની લાગણી જન્મી છે.

શહેરમાં લૂ લાગવાના વધુ ૩ કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર મહાનગપાલિકા વિસ્તારમાં લૂ લાગવાના આજે ૩ કેસ નોંધાયા છે. મનપાના આરોગ્ય તંત્રએ શહેરમાં પાંચ જેટલા જાહેર સ્થળોએ લૂ થી બચવા માટે શું કરવું જોઈએ તેની જાણકારી આપતા બેનરો લગાવ્યા છે. બીજી તરફ લોકોમાં જાગૃતિ આવે તે માટે પત્રિકાઓનું વિતરણ કરવાનો પણ નિર્ણય કરેલ છે. તંત્રએ પાટનગર યોજના વિભાગને પણ પેયજળના ક્લોરીનેશન માટે કડક તાકીદ કરી હોવાનું જાણવા મળેલ છે.

જી.આઈ.ડી.સી.માં આંતરિક માર્ગોની સુધારણા માટે પોણા બે કરોડ ખર્ચાશે

ટેન્ડર પ્રકીયા હાથ ધરાઇ : ટુંકમાં કામ શરૂ કરી દેવાશે

ગાંધીનગર તા ૧૭

સે-૨૮ જી આઇ ડી સી વિસ્તારમાં લાંબા સમયના અંતે ઉબડ ખાબડ માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરાશે. વર્ષોથી જી આઇ ડી સી વિસ્તારમાં માર્ગો બિસ્માર હાલતમાં જોવા મળી રહયા છે. જયારે દાયકાઓના અંતે માર્ગોનુ કામ હાથ ધરવાનો નિર્ણય લેવાયો છે. આ માર્ગ સુધારણાની કામગીરી પાછળ રૂ ૧.૭૫ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

શહેરમાં છેલ્લા ઘણાં સમયથી સેકટરોના આંતરિક માર્ગોની દશા બેઠી છે. છેલ્લા પાંચ વર્ષના નિયત સમયના અંતે પણ માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરાયુ નથી. જેના લીધે નવા અને જુના સેકટરોમાં મોટાભાગના માર્ગો મગરની પીઠ સમાન ભાસી રહયા છે. સ્થાનિક રહીશો પણ માર્ગોની અવદશાના લીધે ત્રાહીમામ પોકારી ગયા છે. જો કે માર્ગોની સુધારણા માટે હજુ પણ તંત્ર દ્વારા વિભાગમાં રજુ થયેલી દરખાસ્ત અંગે કોઇ નિર્ણય કરવામાં આવ્યો નથી. સે-૧ અને સે-૨ ના આંતરિક માર્ગોની દશા સુધારવા માટે કોર્પોરેશન દ્વારા રૂ ૫ કરોડના ખર્ચને મંજુરી આપવામાં આવી છે. આ મામલે ટેન્ડર પ્રકીયા હાથ ધરવામાં આવી છે. જેના અંતે કામગીરી પણ શરૂ કરી દેવાશે. જયારે વર્ષોથી શહેરના જી આઇ ડી સી વિસ્તારમાં પણ માર્ગ સુધારણાની કામગીરી લાંબા સમયના અંતે હાથ ધરવામાં આવી નથી. જેને અનુલક્ષી તંત્ર દ્વારા રજુ થયેલી દરખાસ્તના અંતે સે-૨૮ જી આઇ ડી સી વિસ્તારના માર્ગોની સુધારણા માટે રૂ ૧.૭૫ કરોડનો ખર્ચ કરવામાં આવશે. આ કામગીરી સંદર્ભે ટેન્ડર પ્રકીયા હાથ ધરવામાં આવી છે. જયારે ટુંકમાં જ કામ શરૂ કરી દેવાય તે મુજબનુ આયોજન પણ કરવામાં આવ્યુ છે. જી આઇ ડી સી વિસ્તારમાં અંદાજિત ૨.૮૫ કી મી વિસ્તારમાં માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરાશે. જો કે જી આઇ ડી સી વિસ્તારના આંતરિક માર્ગોના રોડ નેટવર્કને સુધારવા માટેનુ કામ શરૂ થતા હજુ એક મહીનાનો સમય લાગશે આગામી ચોમાસા પુર્વે કામ પુર્ણ કરી દેવાશે.

શહેરમાં ૨૪મીથી હાઉસ-ટુ-હાઉસ મેલેરીયા સર્વેલન્સ

૪૫ હજાર મકાન, ૭૨ શાળા-મહાશાળા અને સરકારી કચેરીઓને આવરી લેવાનું આયોજન તૈયાર

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર શહેરમાં આગામી ૨૪મી એપ્રિલથી શહેરી મેલેરીયા તંત્ર દ્વારા હાઉસ ટુ હાઉસનું સઘન સર્વેલન્સ હાથ ધરવામાં આવનાર છે.

એક સપ્તાહ સુધી ચાલનારા આ સર્વેલન્સમાં ૪૫ હજાર મકાનો, ૭૨ શાળા-મહાશાળાઓ તેમજ જાહેર સંસ્થાઓના મકાનો અને સરકારી કચેરીઓ આવરી લેવામાં આવશે.

તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે શહેરને આ માટે ૭ જેટલા વિભાગોમાં વહેંચી દેવામાં આવ્યુ છે તેમજ ૬૮થી પણ વધુ કર્મચારીઓ દ્વારા આ સર્વેલન્સ હાથ ધરવામાં આવનાર છે.

આ સર્વેલન્સમાં તાવના દર્દીઓ શોધી કાઢવામાં આવશે. આ ઉપરાંત મચ્છરોના બ્રીડીંગ જો મળશે તો તેનો નાશ કરવામાં આવશે. આ સર્વેલન્સ એક ખાસ ઝુંબેશના ભાગરૂપે રાજ્ય સરકારની સૂચનાથી હાથ ધરવામાં આવી રહ્યાનું પણ જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેરમાં ગત વર્ષે મેલેરીયાના કેસો ઘટ્યા હતા પરંતુ ડેન્ગ્યુના કેસોમાં લગભગ સરેરાશ અગાઉના વર્ષની જળવાઈ હતી.

● અનુસંધાન પાન-૭ પર

શહેરમાં જોખમી ભાસતા સુકા વૃક્ષોની કટોતી માટે વનતંત્રનુ અભિયાન

ચોમાસા પુર્વે તમામ જોખમી વૃક્ષો દુર કરાશે : ટ્રીમીંગનુ કામ પણ ચાલુ

ગાંધીનગર તા ૧૭

શેહરમાં વૃક્ષોના ટ્રીમીંગ માટે વનતંત્ર દ્વારા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. નગરના મુખ્ય માર્ગો સહીત સેકટરોના આંતરિક માર્ગો પર આડશ બનતી વૃક્ષોની ડાળીઓ દુર કરવામાં આવી રહી છે. આ ઉપરાંત શહેરમાં જોખમી વૃક્ષોની પણ કટોતી કરવામાં આવી રહી છે. આગામી ચોમાસા દરમિયાન કોઇપણ પ્રકારનો અકસ્માત ન થાય તે માટે અત્યારે શહેરમાં સુકાવૃક્ષો કાપવાની ઝુંબેશ પણ શરૂ કરી દેવાઇ છે.

હરિયાળી વનરાજીથી ઘેરાયેલા નગરમાં વૃક્ષોની સંખ્યા વિશેષ છે. નગરના મુખ્ય માર્ગોતેમજ સેકટરોના આંતરિક માર્ગો આસપાસ વૃક્ષોની કતાર જોવા મળી રહી છે. જયારે વનઆરક્ષિત જગ્યામાં પણ હરિયાળી નિખરેલી જોવા મળે છે. ત્યારે વૃક્ષોની સંખ્યાને ધ્યાને લઇ સમયાંતરે હરિયાળીની જાળવણીનુ કામ પણ અનિવાર્ય હોવાનો સુર વારંવાર ઉઠે છે. નગરમાં વૃક્ષોનુ સમયર ટ્રીમીંગ ન થતા આમ નાગરિકોએ પારવાર મુશ્કેલી વેઠવી

● અનુસંધાન પાન-૭ પર

મનપાની ફૂડ શાખા ૧૦થી વધુ સ્થાનો પર ત્રાટકી

૧૩ કિલોથી વધુ અખાદ્ય ચીજોનો નાશ કર્યો : ૬ જેટલા સ્થાનોએથી નમૂના લઈ અને લેબોરેટરીમાં પરીક્ષણ માટે મોકલ્યો : ૮૧૦૦નો દંડ પણ ફટકાર્યો

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર મહાનગરપાલિકાની ફૂડ શાખાની ટીમે શહેરના ૧૦ જેટલા જુદા જુદા વિસ્તારોમાં ત્રાટકી અને ૧૩ કિલો ૫૦૦ ગ્રામ જેટલી અખાદ્ય ચીજોનો નાશ કર્યો છે. આ ઉપરાંત ૬ જેટલા સ્થળોએથી નમૂના લઈ ચકાસણી માટે લેબોરેટરીમાં મોકલવામાં આવેલ છે.

મનપાની સત્તાવાર અખબારી યાદીમાં જણાવાયા મુજબ સે. ૨૧ના સેનેટરી ઈન્સ્પેક્ટરની સેનીટેશન શાખા દ્વારા રૂ. ૮૧૦૦નો દંડ પણ વસુલવામાં આવ્યો છે.

શહેરમાં અખાદ્ય ચીજોના ધૂમ વેપારની સામે ઉઠેલી માંગ પછી શહેરના મનપા તંત્રની ફૂડ શાખા દ્વારા સે. ૨૨, પથિકાશ્રમ, સે. ૧૬, ૧૩, ૭, ૧૧, ૨૬માં જુદી જુદી ટીમો ત્રાટકી હતી. આ ટીમોએ પાણીપુરીનું પાણી, ખરાબ બટાકા, ચટણી, શેરડીનો કાળો પડી ગયેલ રસ, લારીઓમાં વેચાતા વિવિધ ફ્લેવરના

● અનુસંધાન પાન-૭ પર

પાસના સાત કન્વીનરો સામે વિરમગામમાં ફરિયાદ દાખલ

હાર્દિકની પિતરાઇ બહેનના લગ્નમાં ફાયરીંગ કેસ પોલીસે તપાસના અંતે આર્મ્સ એકટ હેઠળનો ગુનો નોંધ્યો

અમદાવાદ,તા.૧૭

વિરમગામ ટાઉનમાં ચંદ્રનગર વિસ્તારમાં બે મહિના પહેલાં પાટીદાર નેતા હાર્દિક પટેલની પિતરાઇ બહેનના લગ્નપ્રસંગ દરમ્યાન ખાનગી ફાયરીંગના બનાવ મામલે વિરમગામ ટાઉન પોલીસે પાસના સાત કન્વીનરો સામે આર્મ્સ એકટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. છોટે હાર્દિક નામના યુવક તરફથી અપાયેલી અરજીના આધારે પોલીસે તપાસ કરી હતી, અને તપાસના અંતે વાતમાં તથ્ય જણાતાં પાસના સાત કન્વીનરો વિરૂધ્ધ આજે વિધિવત્ ફરિયાદ દાખલ કરાઇ હતી.

આ બનાવની વિગત એવી છે કે, વિરમગામ ટાઉનના ચંદ્રનગર વિસ્તારમાં ગત તા.૨-૨-૨૦૧૭ના રોજ પાટીદાર નેતા હાર્દિક પટેલની પિતરાઇ બહેનના લગ્ન હતા એ પ્રસંગમાં ખુદ હાર્દિક પટેલની હાજરીમાં જ પાસના કન્વીનરો અને કાર્યકરો નાચતા-ઝુમતા હતા એ વખતે ખાનગી રિવોલ્વરમાંથી ફાયરીંગની ઘટના ઘટી હતી. જે બનાવ અંગેનો વીડિયો પણ ફરિયાદી છોટે હાર્દિકે પોલીસમાં રજૂ કરી આ સમગ્ર મામલે વિરમગામ પોલીસને ફરિયાદ દાખલ કરવા અરજી આપી હતી. પોલીસે આ અરજી પરત્વે તપાસ હાથ ધરી હતી, જેમાં પોલીસને જાણવા મળ્યું હતું કે, કોઇપણ પ્રકારની પરમીશન વિના આ ખાનગી રિવોલ્વરનો ફાયરીંગમાં ઉપયોગ થયો હતો. ખાનગી ફાયરીંગની વાતને તપાસમાં સમર્થન મળતાં આજે પોલીસે પાસના કન્વીનરો હેમાંગ પટેલ, બ્રીજેશ પટેલ, વિજય પટેલ, અક્ષય પટેલ, લાલાભાઇ પટેલ સહિતના સાત જણાં સામે ગુનો નોંધ્યો હતો. પોલીસે પાસના સાત કન્વીનરો સામે આર્મ્સ એકટ હેઠળ ગુનો નોંધી હવે તપાસ હાથ ધરી છે.

જાહેર ખુલાસો

અમો નીચે સહી કરનાર ચંદ્રકાન્ત ચુનીલાલ પટેલ રહે. ૧૫, મેઘધનુષ્ય સોસાયટી, ધોલેશ્વર મહાદેવ રોડ, સ્વામીનારાયણ ધામ પાસે, કુડાસણ-૩૮૨૪૨૧ તે ગત તારીખ ૯/૪/૨૦૧૭ ગાંધીનગર સમાચારમાં દિલીપકુમાર ચુનીલાલ પટેલ રહે. પ્લોટ નં. ૮૯૯/૧, સેક્ટર-૪/ડી, ગાંધીનગરના કહેવાથી પ્રસિદ્ધ થયેલ. જે મૈયત અમારા પિતાશ્રી નામે સ્વ. ચુનીલાલ મોતીભાઈ પટેલ (વાવોલ)ની યાદ હેતુસર આપેલ હતી. પરંતુ દિલીપકુમાર ચુનીલાલ પટેલ તથા તેમના અંગત પરિવાર સાથે અમારે છેલ્લા ૧૫ વર્ષોથી કોઈપણ જાતના જેમ કે, કુટુંબિક, સામાજીક કે ધંધાકીય વ્યવહાર નથી. જેના પરિણામ રૂપ સ્મરણાંજલિમાં અમારી સહી સંમતિ ન હોવા છતાં અમારા નામનો દુરઉપયોગ ન થાય, ખોટું અર્થઘટન ન થાય અને તમામને સત્ય હકિકતની જાણ થાય તે સારું અમો આ ખુલાસો કરી રહ્યા છીએ...

લિ.

ચંદ્રકાન્ત ચુનીલાલ પટેલ — મારફતે
અનામિકા ચંદ્રકાન્ત પટેલ — સી. એમ. રાવલ
યુગ ચંદ્રકાન્ત પટેલ — એડવોકેટ અને નોટરી
હિત ચંદ્રકાન્ત પટેલ — ગાંધીનગર

SAHJANAND SCHOOL OF ACHIEVER
(GUJARATI & ENGLISH MEDIUM)
K.G. TO STD: 10 (GSEB)
WWW.SCHOOLOFACHIEVER.IN
SINCE 2007
Near Essar Petrol pump,
Chiloda-Himmatnagar Highway,
Shiholi Moti, Chiloda, Gandhinagar
Ph. : 70 43 60 60 60

- અમારી પાસે છે શ્રેષ્ઠ અને અનુભવી શિક્ષકગણ
- અમારી પાસે છે શિક્ષણની ઊંડી સુઝ ધરાવતા અનુભવી સંચાલકો
- અમારી પાસે છે બાળકના સર્વાંગી વિકાસ માટે જરૂરી એવી સુવિધાઓ
- અમારી પાસે છે બાળકનું ઉત્તમ ઘડતર કરવા માટેનો માસ્ટર પ્લાન
- અમારી પાસે છે શ્રેષ્ઠ રિઝલ્ટ થકી ગુજરાતની નંબર ૧ શાળા બનવાનું ગૌરવ
- અમારી પાસે છે હજારો વિદ્યાર્થીઓને ડોકટરો અને એન્જીનિયરો બનાવી એમના સપના સાકાર કરી આપવાનો સંતોષ
- અમારી પાસે છે ૬,૫૦,૦૦૦ સ્કવેર ફૂટનું ગાંધીનગર જીલ્લાનું સૌથી વિશાળ કેમ્પસ

સતત ૫ વખત બોર્ડમાં પ્રથમ સ્થાન મેળવી આપતી એકમાત્ર સંસ્થા

બોર્ડમાં પ્રથમ 2013 PR. 99.99 RUTVIK
બોર્ડમાં પ્રથમ 2014 PR. 99.99 SEM-1 JEET
બોર્ડમાં પ્રથમ 2015 PR. 99.99 SEM-2 DHARM
બોર્ડમાં પ્રથમ 2015 PR. 99.99 SEM-3 HIMIL
બોર્ડમાં પ્રથમ 2016 PR. 99.99 SEM-4 DHARM

દહેગામ, નરોડા તથા ગાંધીનગરથી માત્ર ૨૦ મિનિટના અંતરે

ટ્રાન્સપોર્ટ તથા હોસ્ટેલ સુવિધા ઉપલબ્ધ

અમે છીએ ''સહજાનંદ સ્કૂલ ઓફ એચિવર'' પરિવાર

આવો, આપ પણ આ પરિવારના સભ્ય બની આપના બાળકના ભવિષ્ય ઘડતરમાં સહભાગી બનો.

ટચુકડી જાહેર ખબર
માત્ર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૫૦૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૦૭૧

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૦૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૦૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com